રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દાહોદ જિલ્લાના આદિજાતિ વિસ્તાર ગરબાડા ખાતેનો પ્રવાસ પૂર્ણ

CM ભૂપેન્દ્ર પટેલે વિકાસ કાર્યોની સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા

અંતરિયાળ વિસ્તારોમાં વીજળી, પાણી અને રોડ-રસ્તાની સુવિધાઓ વિશે ચર્ચા કરી અમલવારીના સૂચનો કર્યા



(પ્રતિનિધી) દાહોદ, તા.20

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દાહોદ જિલ્લાના આદિજાતિ વિસ્તાર ગરબાડા ખાતેના ૭૨ કલાકના ત્રિદિવસીય પ્રવાસનો આજે ત્રીજો અને અંતિમ દિવસ છે. પ્રવાસના ત્રીજા દિવસે મુખ્યમંત્રીએ વિવિધ વિકાસકાર્યોને સમીક્ષા કરવાની સાથે સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ સાધી તેમની સમસ્યાઓ જાણી હતી. સવારના તબક્કામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગરબાડા સ્થિત ઐતિહાસિક રામનાથ સરોવરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ગરબાડા ગામના સ્થાનિક રહીશો સાથે વાતચીત કરીને વિસ્તારની પાણીની સમસ્યા અંગે માહિતી મેળવી હતી.

લોકોની તેમજ રામનાથ સરોવરની રજૂઆતોને ધ્યાને લઈ મુખ્યમંત્રીએ પાણીની સમસ્યાના નિરાકરણ બ્યુટીફિકેશન (સૌંદર્યાકરણ) માટે વહીવટી તંત્રને જરૂરી સૂચનો આપ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીએ ગરબાડા તાલુકાના મહત્વના એવા પાટાડુંગરી જળાશયની મુલાકાત લઈ જળસંગ્રહ અને સિંચાઈની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા મુખ્યમંત્રીના હસ્તે જળાશય પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે સ્થાનિક ગ્રામજનો અને માછીમારી વ્યવસાય સાથે સંકળાયેલા લોકો સાથે બેઠક યોજી હતી, જેમાં માછીમારો અને ગ્રામજનોએ પોતાના પ્રશ્નો અને રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરી હતી. પ્રવાસના આગળના તબક્કા માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બાવકા ખાતે પહોંચ્યા હતા, જ્યાં બાવકા કોમ્યુનિટી હોલ ખાતે વિશેષ જન સુનાવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગરબાડા વિસ્તારના નાગરિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

મુખ્યમંત્રીએ અત્યંત સંવેદનશીલતા સાથે એક બાદ એક નાગરિકોની વ્યક્તિગત તેમજ સામૂહિક રજૂઆતો સાંભળી હતી અને તેના યોગ્ય નિકાલ માટે સ્થળ પર જ અધિકારીઓને માર્ગદર્શન પરું પાડયું હતું.

પિપરગોટા ગામના નંદઘર આંગણવાડી કેન્દ્રની ઓચિંતી મુલાકાતે પહોંચ્યા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



દાહોદ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના ત્રણ દિવસીય પ્રવાસના બીજા દિવસે ધાનપુર તાલુકાના પિપરગોટા ગામ સ્થિત નંદ ઘર -આંગણવાડી કેન્દ્રની ઓચિંતી મુલાકાત લઈને આંગણવાડી કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓ અને બાળકોને આપવામાં આવતી પોષણલક્ષી સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું. બાળકોને આપવામાં આવતા પૌષ્ટિક નાસ્તાની ગુણવત્તા, પોષણયુક્ત આહારની વ્યવસ્થા તેમજ બાળકોના આરોગ્ય અને પોષણ અંગેની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે બાળકોને મળતા પોષણયુક્ત નાસ્તા અંગે જાણકારી મેળવી હતી. પ્રસંગે મુખ્ય મંત્રીએ બાળકો સાથે ખૂબ જ સહજતાથી વાતચીત કરી હતી. બાળકોને પ્રેમપૂર્વક પ્રશ્નો પૂછી તેમની સાથે હળવાશભર્યો સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીના બાળકો પ્રત્યેનો આ સ્નેહભાવ અને સાહજિક અભિગમ ઉપસ્થિત સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. હોદ્દાની ઔપચારિકતા બાજુએ રાખીને બાળકો સાથે એક વડીલ (દાદા) ની જેમ હળીમળીને વાતો કરીને તેમણે પોતાની સરળતા અને સંવેદનશીલતાનો પરિચય કરાવ્યો હતો.મુખ્યમંત્રીશ્રીએ આંગણવાડી કાર્યકરો સાથે પણ સંવાદ કરીને આંગણવાડી કેન્દ્રમાં બાળકોને આપવામાં આવતી સેવાઓ, પોષણની વ્યવસ્થા, બાળકોની હાજરી તેમજ તેમની શૈક્ષણિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી હતી.

પતિએ બકરી ઈદની રજામાં JCB ફેરવી સરકારી ક્વાર્ટર તોડી ભંગાર વેચી માર્યો હતો

કાલોલના ડેરોલ ગામના મહિલા સરપંચ હોદ્દા પરથી બરતરફ કરાયા

૩.૯૬૦માં લોખંડના સળીયા ભંગારમાં વેચી દીધા હતા



(પ્રતિનિધી) દાહોદ, તા.20

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની ડેરોલ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ શ્રીમતી કપીલાબેન રાજેન્દ્રસિંહ પટેલને સત્તાનો દુરુપયોગ અને ફરજમાં ગેરવર્તણૂક બદલ સરપંચ પદેથી દૂર (બરતરફ) કરવાનો કડક હુકમ જિલ્લા વિકાસ અધિકારી (DDO) પ્રણવ વિજયવર્ગીય દ્વારા કરવામાં આવ્યો છે. મહિલા સરપંચના બદલે તેમના પતિ દ્વારા પંચાયતનો વહીવટ ચલાવવામાં આવતો હોવાનું અને જાહેર રજાના દિવસે સરકારી મિલકત તોડી પાડી તેનો ભંગાર વેચી માર્યો હોવાનું તપાસમાં સાબિત થતાં આ કાર્યવાહી કરવામાં આવી છે. ડેરોલગામના બીલીયાપુરા વિસ્તારમાં વર્ષોથી ગ્રામસેવકને બેસવા માટેનું સરકારી ક્વાર્ટર અને ઓફિસ (મકાન નં. ૬૭૩) આવેલું હતું. આ મકાન સારી હાલતમાં હોવા છતાં ગત તા. ૨૮/૦૫/૨૦૨૬ના રોજ બકરી ઈદની જાહેર રજાનો લાભ ઉઠાવી સરપંચ પતિ રાજેન્દ્રભાઈ બળવંતભાઈ પટેલ અને વોર્ડ નં. ૭ના સભ્ય જયવીરસિંહ વિક્રમસિંહ સોલંકીએ કોઈ પણ જાતની પૂર્વમંજૂરી વગર JCB મશીન બોલાવીને આખું મકાન જમીનદોસ્ત કરી નાખ્યું હતું.આ અંગે ગામના અરજદાર હિમાંશુકુમાર પરમાર અને સુરેશકુમાર ખડીયાએ રજૂઆત કરતા તાલુકા વિકાસ અધિકારી (TDO) દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.JCB ડ્રાઈવર અને ભંગારના વેપારીના નિવેદને ભાંડો ફોડ્યો.તપાસ દરમિયાન સરપંચ કપીલાબેન પટેલે એવો લૂલો બચાવ કર્યો હતો કે, "વોર્ડ નં. ૭ના સભ્ય ગાંડા બાવળનું ઝાડ પાડતા હતા

ઘાસચારો બળી જતાં ખેડૂતને અંદાજે ત્રીસેક હજારનુ નુકસાન

ફતેપુરાના પાટવેલ ગામે કિશોરી ફળિયામાં ઘાસચારામાં આગ લાગી



(પ્રતિનિધી) ફતેપુરા, તા.20

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના પાટવેલ ગામના કિશોરી ફળિયામાં આગ લાગવાની એક ગંભીર ઘટના સામે આવી છે. આ વિસ્તારમાં રહેતા ખેડૂત કિશોરી શાંતિભાઈ રૂપાભાઈના પશુઓ માટે સંગ્રહ કરીને રાખવામાં આવેલો સૂકો ઘાસચારો અચાનક આગની લપેટમાં આવી ગયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર ઘાસચારો બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગયો હતો.આ દુર્ઘટનામાં ખેડૂતને અંદાજે ૩૦ હજારથી પણ વધુની કિંમતનો ઘાસચારો ગુમાવવાનો વારો આવ્યો હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના રહીશોએ આગને કાબૂમાં લેવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા, પરંતુ સૂકો ઘાસચારો હોવાથી આગ ઝડપથી પ્રસરી ગઈ હતી અને તમામ જથ્થો બળીને નાશ પામ્યો હતો. આગ લાગવા પાછળના કારણો અંગે પ્રાથમિક તબક્કે ફટાકડાના તણખાને કારણે આગ લાગી હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. વર્ષભર પશુઓના નિભાવ માટે એકત્રિત કરેલો ઘાસચારો આગમાં બળીને નાશ પામતાં ગરીબ ખેડૂત પરિવાર પર આભ તૂટી પડ્યું છે. એક તરફ ઘાસચારાની તંગી અને બીજી તરફ ૩૦ હજારથી વધુના આર્થિક નુકસાનને કારણે ખેડૂત કિશોરી શાંતિભાઈ રૂપાભાઈ હાલ ગંભીર આર્થિક સંકટમાં મુકાયા છે.આ વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈને સ્થાનિક ગ્રામજનોમાં પણ ભારે સહાનુભૂતિ જોવા મળી રહી છે. ગ્રામ પંચાયત અને સંબંધિત સરકારી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળનો સર્વે કરી નુકસાનીનો અંદાજ મેળવવામાં આવે અને અસરગ્રસ્ત ગરીબ ખેડૂત પરિવારને વહેલી તકે યોગ્ય વળતર ચૂકવી ન્યાય અપાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે.

દેવગઢ બારીયા તાલુકાના પંચેલા ગામે હિટ એન્ડ રનની ઘટના, એકનુ મોત

(પ્રતિનિધી) સુખસર, તા.20

વિશ્વ એન્ટિમાઇક્રોબાયલ જાગૃતિ સપ્તાહ (18થી 24 નવેમ્બર) અંતર્ગત જિલ્લા પંચાયત દાહોદના આરોગ્ય વિભાગ દ્વારા CHC બલૈયા ખાતે એન્ટિમાઇક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR) અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ અંતર્ગત હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ તેમજ ANC (સગર્ભા) મહિલાઓ અને તેમના પરિવારજનોને એન્ટિબાયોટિક દવાઓના યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. દર્દીઓને સમજાવવામાં આવ્યું હતું કે ડોક્ટરની સલાહ વિના એન્ટિબાયોટિક દવાઓ લેવી નહીં, સામાન્ય શરદી-ખાંસી જેવા વાયરલ રોગોમાં એન્ટિબાયોટિકનો બિનજરૂરી ઉપયોગ કરવો નહીં તેમજ ડોક્ટર દ્વારા સૂચવવામાં આવેલ દવાનો કોર્સ અધૂરો છોડવો નહીં.

આ ઉપરાંત એન્ટિબાયોટિક દવાઓના અયોગ્ય અને બિનજરૂરી ઉપયોગને કારણે બેક્ટેરિયામાં દવાઓ સામે પ્રતિકારક શક્તિ (Antimicrobial Resistance) વિકસે છે.જેના પરિણામે ભવિષ્યમાં સામાન્ય ચેપની સારવાર પણ મુશ્કેલ બની શકે છે તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

કાલોલમાં સાદી રેતીનું ગેરકાયદેસર ઓવરલોડ વહન કરતા બે ડમ્પર ઝડપાયા

સર્કલ ઓફિસર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાઇ

(પ્રતિનિધી) કાલોલ, તા.20

પંચમહાલ જિલ્લાના કાલોલ પંથકમાં સાદી રેતીનું ગેરકાયદેસર અને ઓવરલોડ વહન કરતા બે ડમ્પરને સર્કલ ઓફિસર દ્વારા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી અર્થે કાલોલ સર્કલ ઓફિસની કસ્ટડીમાં મૂકવામાં આવ્યા છે. મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, કાલોલ દ્વારા તા. ૨૦/૧૧/૨૦૨૬ના રોજ ખાણ અને ખનીજ વિભાગ, પંચમહાલ (ગોધરા) ના ભૂસ્તરશાસ્ત્રીને આ અંગે રિપોર્ટ મોકલી નિયમોનુસાર કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે.

પ્રથમ બનાવ: વેજલપુર નાયરા પેટ્રોલપંપ રોડ પરથી ડમ્પર ઝડપાયું તા. ૧૮/૧૧/૨૦૨૬ના રોજ સર્કલ ઓફિસરશ્રી કાલોલની ફેરણી દરમિયાન વેજલપુર નાયરા પેટ્રોલપંપ રોડ ઉપર સાદી રેતી ભરીને જતું વાહન નંબર GJ-07-TW-0077 ઊભું રખાવી ચેકિંગ કરવામાં આવ્યું હતું.વાહન ચાલક સાબરમિયાં પેરુમિયાં રહે. મહુધા, તા. મહુધા, જિ. ખેડા પાસે રોયલ્ટી પાસની માંગણી કરતાં રોયલ્ટી પાસ અને કાંટા પાવતી રજૂ કરાઈ હતી.રોજકામ/નિવેદન મુજબ ૨૩.૧૦૦ મેટ્રિક ટનનો ઈ-રોયલ્ટી પાસ રજૂ કરાયો હતો, પરંતુ તપાસ અને વજન દરમિયાન તેમાં ૬.૩૦ મે.ટન સાદી રેતી ઓવરલોડ/અનધિકૃત રીતે વહન થતી હોવાનું જણાયું હતું.

બીજો બનાવ: હોટલ માધવ ગ્રીન્સ પાસે રોડ પરથી ડમ્પર પકડાયું તા. ૧૮/૧૧/૨૦૨૬ના રોજ જ સર્કલ ઓફિસરની ફેરણી દરમિયાન હોટલ માધવ ગ્રીન્સ, હિંમતપુરા ગામે રોડ ઉપર સાદી રેતી ભરીને જતું વાહન નંબર GJ-17-XX-7216 ઊભું રખાવી તપાસ હાથ ધરાઈ હતી.

દાહોદના ઝાલોદ રોડ પરથી ડમ્પર ચોરાયાની પોલીસ ફરિયાદ

(પ્રતિનિધી) દાહોદ, તા.20

દાહોદ જિલ્લામાં મોટી ખરજ ગામના ડામોર ફળિયામાં રહેતા રોકી ભાઈ જેસીંગભાઈ ડામોરે પોતાનું રૂપિયા ૫૫,૦૦,૦૦૦/- ની કિંમતની જીજે૨૦એક્સ-૬૬૪૩ નંબરની ટાટા સિગ્ના ડમ્પર ગાડી કાળી તળાઈ ગામે ઝાલોદ રોડ પર આવેલ સતિ તોરલ આગળ લોક મારીને પાર્ક કરી હતી તે ડમ્પર ગાડી વાહન ચોર ટોળકી પોતાનો કસબ અજમાવી ચોરીને લઈ ગઈ હતી. આ સંબંધે ડમ્પર ગાડીના માલિક મોટી ખરજ ગામના ડામોર ફળિયામાં રહેતા રોકીભાઈ જેસીંગભાઈ ડામોરે દાહોદ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ અંગે વાહન ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કાલોલ-મસવાડ રોડ પર હિટ એન્ડ રનની ઘટના

બેફામ ઈક્કો કારની ટક્કરે 3 યુવાનો ઘાયલ, એક ગંભીર

(પ્રતિનિધી) કાલોલ, તા.20

કાલોલ તાલુકાના મઘાસર ચોકડીથી મસવાડ GIDC તરફ જતા માર્ગ પર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારાતી એક ઈક્કો કારના ચાલકે રસ્તાની બાજુમાં ઉભેલા ત્રણ યુવાનોને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હોવાની ઘટના સામે આવી છે. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો, જોકે તેની કારની આગળની નંબર પ્લેટ સ્થળ પર જ પડી જતા પોલીસ માટે આરોપી સુધી પહોંચવાની કડી મળી ગઈ છે. મળતી માહિતી મુજબ, હાલોલ તાલુકાના મઘાસર ગામના રહેવાસી રોહિતકુમાર હિતેશભાઈ રાઠોડ (ઉં.વ. ૧૯) અને તેમના બે મિત્રો ચિરાગભાઈ હિરાભાઈ તીરઘર (રહે. સાથરોટા રોડ, હાલોલ) તથા ધવલભાઈ ગુલાભાઈ રાઠોડ (રહે. મઘાસર) વેરોક કંપનીમાં નોકરી પૂરી કરીને ગત તા. ૧૬/૧૧/૨૦૨૬ ના રોજ રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન તેઓ કંપનીની બાજુમાં આવેલા પાનના ગલ્લા પાસે રસ્તાની સાઈડમાં મોટરસાયકલ (નં. GJ-17-CM-5035) ઉભી રાખીને તેની બાજુમાં ઉભા હતા. તે સમયે પુરઝડપે આવી રહેલી એક ઈક્કો કાર (નં. GJ-17-BN-3485) ના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી ત્રણેય યુવાનો અને તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણેય મિત્રો ફંગોળાઈને જમીન પર પટકાયા હતા. ચિરાગભાઈ તીરઘર: આ અકસ્માતમાં ચિરાગભાઈને માથાના પાછળના ભાગે અને ડાબા પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને પ્રાથમિક સારવાર માટે કાલોલ સરકારી દવાખાને ખસેડાયા બાદ વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ, ત્યારબાદ વડોદરા SSG હોસ્પિટલ અને હાલ વધુ ગંભીર હાલત જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

રોહિતકુમાર અને ધવલભાઈ: ફરિયાદી રોહિતકુમારને જમણા પગે તેમજ ધવલભાઈને જમણા પગના સાથળ અને કમરના ભાગે ઈજાઓ થતા કાલોલ સરકારી દવાખાનામાં સારવાર આપવામાં આવી હતી. અકસ્માત બાદ એકઠા થયેલા લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા હતા.

ઝડપાયેલો ગેરકાયદેસર લાકડાનો જથ્થો અને ટ્રેક્ટર મામલતદાર કચેરી ખાતે રખાયું

કાલોલમાં પાસ પરમિટ વગર ઝાડનો લાકડાનો જથ્થો લઈ જતું ટ્રેક્ટર ઝડપી લેવાયું

વનસંપદાનુ બેફામ નિકંદન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા માંગ ઉઠી



(પ્રતિનિધી) કાલોલ, તા.20

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ખાતેથી પાસ પરમિટ વગર વિવિધ પ્રકારના ઝાડનો લાકડાનો જથ્થો ભરી ગોધરા તરફ લઈ જવાઈ રહેલા ટ્રેક્ટરને અટકાવી મામલતદાર કચેરી ખાતે રાખવામાં આવ્યું છે.

મળેલી વિગતો મુજબ, વેજલપુર (તા. કાલોલ, જિ. પંચમહાલ) ખાતે રહેતા ઈમરાન યુસુફ વ્હોરા (ઉં.વ. ૪૨, વ્યવસાય: ખેતી) દ્વારા વેજલપુર ગામેથી માધવ જશવંતસિંહ છત્રસિંહની માલિકીના જૂના સર્વે નં. ૨૦૨૨, નવા સર્વે નં. ૬૯૦ (ગામ: ભિલોડા, તા. ઘોઘંબા, જિ. પંચમહાલ) માંથી કોઠી, લીમડો, અંદરખ, ખારી, ઉમરો, સીવણ અને આંબો પ્રકારના ઝાડ વગર પરવાનગીએ ટ્રેક્ટર (નં. GJ-17-BA-2409) માં ભરી ગોધરા તરફ લઈ જવામાં આવી રહ્યા હતા.

દરમિયાન વેજલપુર ખાતે ટ્રેક્ટરને અટકાવી પાસ પરમિટની માંગણી કરવામાં આવતા તેમની પાસે પાસ પરમિટ રજૂ થઈ શકી ન હતી. આ અંગે આપવામાં આવેલા લેખિત જવાબમાં જણાવ્યા મુજબ, વાહન મામલતદાર કચેરી, કાલોલ ખાતે લઈ જવાનું જણાવતા ટ્રેક્ટર સહિતનો મુદ્દામાલ મામલતદાર કચેરી, કાલોલ ખાતે મૂકવામાં આવ્યો છે.

આ મામલે સંબંધિત વ્યક્તિએ વાહનની માવજતની સંપૂર્ણ જવાબદારી પોતાની રહેશે તેમજ વાહન મુક્ત કરવા માટે જે કોઈ સરકારી દંડ ભરવાનો થશે તે ભરવા સંમતિ દર્શાવી હોવાનું કાલોલ ખાતે નોંધાયેલા જવાબમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

કાલોલના બેઢીયા ગામે ખેતરમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.20

કાલોલ તાલુકાના બેઢીયા ગામેથી વેજલપુર પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે એક યુવકને ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ રૂ. ૬,૧૨૦ની કિંમતના દારૂના ૩૬ ક્વાર્ટરિયા કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પંચમહાલ જિલ્લામાં ચાલી રહેલી પ્રોહી-જુગાર ડ્રાઈવ અંતર્ગત વેજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.ઓ. ભરવાડ અને સ્ટાફના માણસો વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, બેઢીયા ગામની ધૂળાખાતુની મુવાડીમાં પ્રાથમિક શાળાની પાછળ આવેલા ખુલ્લા ખેતરોમાં એક શખ્સ વિમલના થેલામાં વિદેશી દારૂ રાખી છૂટક વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખીને ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને ભાગવા જાય તે પહેલા જ ચારે બાજુથી કોર્ડન કરીને થેલા સાથે બેઠેલા શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસ પૂછપરછમાં ઝડપાયેલા આરોપીએ પોતાનું નામ જીગ્નેશકુમાર દલપતભાઈ ચૌહાણ (ઉં.વ. ૨૨, હાલ રહે. ધૂળાખાતુની મુવાડી, બેઢીયા, મૂળ રહે. પંચાલ ફળિયું, કાનોડ, તા. કાલોલ) હોવાનું જણાવ્યું હતું. તેની પાસેના થેલાની તપાસ કરતા તેમાંથી નીચે મુજબનો મુદ્દામાલ મળી આવ્યો હતોજેની કિંમત રૂ. ૬,૧૨૦ થાય છે.

જાહેર નોટીસ અરજદાર વ.શ્રી.આર.વી.લડીલા

સંતરામપુરના મહે.એડીશનલ સીવીલ જજશ્રી,એસ.જે.મેમણ સાહેબની કોર્ટમા,મુ. સંતરામપુર
ક્રિમીનલ પ્ર.અરજી નંબર:-૨૨૦/૨૦૨૬ મુદત તારીખ:-૦૧/૧૨/૨૦૨૬
અરજદાર :- નાયક રાયસિંગભાઈ દેવાભાઈ રહે. ફળવા, તા.સંતરામપુર જી.મહીસાગર
સામાવાળા:- તલાટી કમ મંત્રી શ્રી ગ્રામ પંચાયત ફળવા, તા.સંતરામપુર જી.મહીસાગર

બાબતઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી લાગભાગ ઉક્ત હિત ધરાવતા તમામ ઇસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, અરજદાર:- નાયક રાયસિંગભાઈ દેવાભાઈ રહે. ફળવા, તા.સંતરામપુર જી.મહીસાગર નાઓએ તેમના પિતા નામે નાયકા દેવાભાઈ શનાભાઈ મરણ તારીખ: ૧૫/૦૯/૧૯૯૬ મરણ ગામ ફળવા, સંતરામપુર તા.સંતરામપુર મુકામે થયેલ છે જેથી તેની મરણની નોંધણી સામાવાળાના હકતરે કરાવવા માટે ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. આથી જે કોઈ ઇસમોને વાંધોદારોને ઉક્ત મરણ ની નોંધ થવા કરાવવા સામે વાંધો યા તકરાર હોય તો અમોને તે વાંધા પુરાવા સહીત અત્રેની અદાલતમા નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૩૦ સુધીમા વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવુ. જો તેમા કસુર કરશોતો વાંધો યા તકરાર નથી તેમ ગણી અરજદારનો પુરાવો યોગ્ય જણાશે તો ઘોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજ તારીખ:- ૩૦/૧૦/૨૦૨૬ ના રોજ કોર્ટનો સિક્કો તથા મારી સહી કરીને આપ્યુ

તૈયાર કરનાર મુકાબલ કરનાર — રજીસ્ટાર
(એન.એસ.જોષી) (મહંમદ હસ્કાન) — પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, સંતરામપુર
આસીસ્ટન્ટ સીનીયર ક્લાર્ક
કોર્ટનો સિક્કો